# ધોરણ-11
## વિષય : રાજ્યશાસ્ત્ર

| એકમ/પ્રકરણ | અધ્યયન નિષ્પતિ | પાઠ્યપુસ્તકના સ્વાધ્યાયમાં ઉમેરવાની બાબતો |
|---|---|---|
| 1. રાજ્યશાસ્ત્રનો ખ્યાલ | POL 1110 | |
| 2. લોકશાહીના પાયાના મૂલ્યો | POL 1112 / POL 1105, POL 1106 | |
| 3. રાષ્ટ્રવાદ અને બિન સાંપ્રદાયિકતા | POL 112, POL 1105 | |
| 4. હક્ક અને નાગરિકતા | POL 1112, POL 1109 | |
| 5. ભારતીય બંધારણ : ઘડતર અને લક્ષણો | POL 1110, POL 1104, POL 1103 | |
| 6. મૂળભૂત હક્કો, ફરજો અને રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો | POL 1109 | |
| 7. ભારતમાં કેન્દ્ર અને રાજ્યકક્ષાએ ધારાસભા | POL 1101, POL 1102, POL 1103, POL 1104 | - શાળાના બાળકોને E.V.M. નિર્દશન/માહિતી આપવી.<br>- શાળામાં વિદ્યાર્થીઓ દ્વારા મતદાત પ્રક્રિયાનું આયોજન કરવું. |
| 8. ભારતમાં કેન્દ્ર અને રાજ્યકક્ષાએ કારોબારી | POL 1101, POL 1102, POL 1103, POL 1104, POL 1105, POL 1108 | સ્થાનિક કક્ષાએ ધારાસભ્ય/ સંસદ સભ્ય રાજ્યની મુલાકાત ગોઠવવી. |
| 9. કેન્દ્ર અને રાજ્ય કક્ષાએ ન્યાયતંત્ર | POL 1102, POL 1103, POL 1104, POL 1105, POL 1111, POL 1107 | |
| 10. સ્થાનિક કક્ષાએ સરકાર : સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ | POL 1101, POL 1103 POL 1104, POL 1106 | |

# ધોરણ-12
## વિષય : રાજ્યશાસ્ત્ર

| એકમ/પ્રકરણ | અધ્યયન નિષ્પત્તિ | પાઠ્યપુસ્તકના સ્વાધ્યાયમાં ઉમેરવાની બાબતો |
|---|---|---|
| 1. ભારતમાં પક્ષ પ્રથાનું સ્વરૂપ | POL 1203, POL 1204, POL 1209 | |
| 2. ભારતમાં ચૂંટણીઓ | POL 1201, POL 1203, POL 1204, POL 1202, POL 1206, POL 1209, POL 1211 | |
| 3. ભારતીય લોકશાહી સામેના પડકારો અને પ્રતિભાવો | POL 12010, POL 1211, POL 1212 | |
| 4. વિકાસ અને લોકશાહી | POL 1210 | |
| 5. શાંતિ અને વિકાસ | POL 1204, POL 1210, POL 1212 | |
| 6. ભારત અને વિશ્વ | POL 1206, POL 1208, POL 1213, POL 1207 | |
| 7. સંયુક્ત રાષ્ટ્રસંઘ | POL 1201, POL 1210 | |
| 8. પર્યાવરણ અને વૈશ્વિક રાજકારણ | POL 1201, POL 1205, POL 1206, POL 1211 | |

# ધોરણ 11 -12 : રાજ્યશાસ્ત્ર
## અધ્યયન નિષ્પત્તિ

**પરિચય :**

ઉચ્ચતર માધ્યમિક સ્તરે રાજ્યશાસ્ત્રના અભ્યાસક્રમનો ઉદ્દેશ વિદ્યાર્થીઓને વિવિધ રાજકીય બાબતો અંગે સમજ આપવાનો છે. આ અભ્યાસક્રમ બાબતે એવી અપેક્ષા છે કે વિદ્યાર્થીઓ દેશમાં ચાલી રહેલી રાજકીય ગતિવિધિઓ અંગે ઐતિહાસિક સંદર્ભમાં વિચારતા થાય. અભ્યાસક્રમમાં રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો ઉપરાંત, ભારતીય રાજકારણ તથા આંતરરાષ્ટ્રીય રાજકારણનો સમાવેશ કરાયો છે. તુલનાત્મક રાજકારણ તથા જાહેર વહીવટની અમુક બાબતોને પણ જુદાં જુદાં સ્થાને સમાવી લેવાઈ છે.

ધોરણ-11માં ભારતીય બંધારણના ઘડતર તથા લક્ષણો વિશે જણાવવામાં આવ્યું છે તથા તેની કેટલીક મહત્ત્વપૂર્ણ જોગવાઈઓ તેમજ રાજનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોના અમુક મુદ્દાઓની છણાવટ કરવામાં આવી છે. આ અભ્યાસ વિદ્યાર્થીઓમાં જુદા જુદા મુદ્દાઓ પર રાજકીય સમજ વિકસાવવામાં મદદરૂપ બની રહેશે. વિદ્યાર્થીઓ પોતાના બાંધી લીધેલા મતો અને પૂર્વગ્રહોનું વિશ્લેષણ કરે એ માટે પ્રોત્સાહિત કરવા વિશેષ કાળજી લેવામાં આવી છે. બંધારણમાં ઉલ્લેખિત અને સમાવિષ્ટ મૂલ્યો પ્રત્યે સન્માનની લાગણી પેદા કરે છે. અભ્યાસક્રમ એકંદરે ભારતીય લોકશાહીનું સ્વરૂપ કઈ રીતે કાર્યરત છે તે સમજવા માટેના મહત્ત્વપૂર્ણ મુદ્દાઓ પર કેન્દ્રિત છે.

ધોરણ-12ના અભ્યાસક્રમમાં ભારતને આઝાદી મળી ત્યારથી લઈને આજદિન સુધીના રાજકારણને ઐતિહાસિક સંદર્ભમાં રજૂ કરવામાં આવ્યું છે. આની પાછળનો ઉદ્દેશ એ છે કે વિદ્યાર્થીને આઝાદ ભારતની મહત્ત્વપૂર્ણ રાજકીય ઘટનાઓ અને વ્યક્તિત્વોનો પરિચય થવો જોઈએ. ઉદ્દેશ એ છે કે વિદ્યાર્થીઓ કેટલીક ચાવીરૂપ ઘટનાઓ સાથે ભારતની રાજકીય પ્રક્રિયાને ઐતિહાસિક સંદર્ભમાં સમજી શકે. ભારતના રાજકારણની સાથે સાથે આંતરરાષ્ટ્રીય રાજકારણમાં આવેલાં પરિવર્તનોને પણ ઐતિહાસિક સંદર્ભ સાથે અભ્યાસક્રમમાં સમાવવામાં આવ્યાં છે. બીજા વિશ્વયુદ્ધ પછી આંતરરાષ્ટ્રીય સ્તરે થયેલાં શીત યુદ્ધ (ઠંડું યુદ્ધ) સહિતનાં નાટ્યાત્મક પરિવર્તનોની પણ નોંધ લેવામાં આવી છે. અભ્યાસક્રમમાં એવી અપેક્ષા રાખવામાં આવી છે કે વિદ્યાર્થીઓ વર્તમાન વિશ્વમાં ભારતના સ્થાન અંગે પણ વિચાર કરવા માટે સક્ષમ બને.

અભ્યાસક્રમમાં ભારતીય લોકશાહી તંત્રનાં તમામ પાસાઓ સમાવી શકાયાં નથી. પરંતુ તે એક વિહંગાવલોકન જરૂર કરાવે છે. વિદ્યાર્થીઓને ભારતીય લોકશાહીના સક્રિય અને ઉત્સાહી નાગરિકો બનાવામાં મદદરૂપ બની શકાય એવો ખાસ ઉદ્દેશ છે.

**રાજ્યશાસ્ત્રના અભ્યાસક્રમ પાસેની અપેક્ષાઓ :**

**આ સ્તરે વિદ્યાર્થીઓ પાસે અપેક્ષા છે કે તેઓ :**

- આપણા બંધારણ ઘડતરની ઐતિહાસિક પ્રક્રિયા અને તે દરમ્યાનના સંજોગોની સાથે સાથે તેની મુખ્ય બાબતો અંગે પણ સમજ કેળવે.
- બંધારણની મુખ્ય લાક્ષણિક્તાઓથી પરિચિત થાય અને વાસ્તવિક રાજકીય જીવનમાં બંધારણની જોગવાઈઓ કઈ રીતે કામ કરે છે તેનું વિશ્લેષણ કરે.
- વિદ્યાર્થીઓનો રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો, મહત્ત્વપૂર્ણ સંકલ્પનાઓ અને બંધારણમાં સુધારા કરવા જરૂરી બહુમતી વગેરેમાં રસ વિકસિત થાય તથા તેના માટે દલીલો કરી શકે.
- દેશની તાજેતરની રાજકીય ઘટનાઓ અંગેના બનાવો અને પ્રક્રિયાઓ થકી રાજકીય વિશ્લેષણ કરવાની યોગ્ય પદ્ધતિનો તેમનામાં વિકાસ થાય.
- રાજનીતિની વ્યાપક પ્રક્રિયાઓ તેમની આસપાસની સામાજિક-રાજકીય જીવનમાં નાના સ્તરે જોડીને વિચારવાની ક્ષમતાનો વિકાસ થાય.
- તેમની દૃષ્ટિનો વ્યાપ ભારત સુધી સીમિત ન રહે અને તેમનામાં વર્તમાન વિશ્વમાં બદલાતાં રાજકીય નકશાની પણ સમજ કેળવાય.
- શીત યુદ્ધના (ઠંડું યુદ્ધ) યુગ પછીના વિશ્વની મુખ્ય રાજકીય ઘટનાઓથી પરિચિત થાય.

## ધોરણ-11 : રાજ્યશાસ્ત્ર

<table>
<tr><th>સૂચિત શિક્ષણશાસ્ત્રીય પ્રક્રિયા</th><th></th><th>અધ્યયન નિષ્પત્તિ (Learning Outcomes)</th></tr>
<tr><td rowspan="11">વિદ્યાર્થીઓને વ્યક્તિગત રીતે કે સમૂહમાં તક આપી શકાય અને તેમને પ્રોત્સાહિત કરી શકાય કે, તેઓ...<br>● શિક્ષક વિદ્યાર્થીઓ માધ્યમિક સ્તરે જે કોઈ મહત્ત્વપૂર્ણ સિદ્ધાંતો-નિયમો શીખ્યા હોય ત્યાંથી અધ્યાપનનો પ્રારંભ કરી શકે. ખાસ કરીને નાગરિકતા, આઝાદી, સમાનતા, રાષ્ટ્રવાદ, સામાજિક ન્યાય, અધિકારો, બિનસાંપ્રદાયિકતા, શાંતિ, વિકાસ જેવી સંકલ્પનાઓ.<br>● વિદ્યાર્થીઓને બંધારણ, કાયદા, નિયમો અને નિયમન વચ્ચેનો તફાવત સમજતા કરવા. શિક્ષક દ્વારા જુદા જુદા આદેશોનાં ઉદાહરણની મદદથી સમજાવાય.<br>● વિદ્યાર્થીઓને ધારાસભા કારોબારી અને ન્યાયતંત્રની રચના તથા કામગીરીથી પરિચિત કરવામાં આવે એવી અપેક્ષા છે.<br>● વિદ્યાર્થીઓને રાજ્ય સરકારો તથા કેન્દ્ર સરકારની સત્તાઓ તથા ફરજોથી વાકેફ કરવામાં આવે.<br>● શિક્ષક સંઘીય સમવાયતંત્ર કે મજબૂત કેન્દ્રવાળું સમવાયતંત્ર કેટલાંક લક્ષણોની સરખામણી કરીને વિદ્યાર્થીઓને સમજાવી શકે તથા વિશ્વના દેશોની જુદી જુદી રાજકીય વ્યવસ્થાનાં ઉદાહરણ આપી શકે.<br>● વિદ્યાર્થીઓ ભારતના જુદા જુદા રાજકીય પક્ષો દ્વારા ઉપયોગમાં લેવાતાં મુખ્ય સૂત્રો કે શબ્દોનું અર્થ સાથે વર્ગીકરણ કરાવવું.<br>● શિક્ષકો બંધારણમાં આપેલ મૂળભૂત અધિકારો તથા મૂળભૂત ફરજોને લગતી વિવિધ કલમો અંગે ચર્ચા યોજશે.<br>● શિક્ષકો પાઠ્યપુસ્તકો કે દૈનિક અખબારોમાં આવતાં કાર્ટૂન, તસવીરો અને ન્યૂઝના કટીંગનું અર્થઘટન કરવા પ્રોત્સાહન આપી શકે. આ કવાયત પાઠ્યપુસ્તક સિવાયની પણ ઘણી માહિતી મેળવવામાં મદદરૂપ બનશે.</td><td></td><td>વિદ્યાર્થીઓ :</td></tr>
<tr><td>POL1101</td><td>હકીકતો, આંકડાઓ તથા પ્રક્રિયા જાણે અને યાદ કરી શકે છે. દા.ત. : લોકશાહીમાં રાજકીય રમતોના સૌથી મહત્ત્વપૂર્ણ પાસાથી પરિચિત થાય છે.</td></tr>
<tr><td>POL1102</td><td>સરકારની વિવિધ કામગીરીનું વર્ગીકરણ, તફાવત અને તુલના કરી શકે છે. સરકારના કાર્યક્ષેત્ર મહત્ત્વ અને અસરોને સમજે છે.</td></tr>
<tr><td>POL1103</td><td>કારણ અને અસરના સહસંબંધને સમજે છે. દા.ત : બંધારણીય જોગવાઈઓને ધ્યાનમાં લઈને સરકારનાં અંગો પર પડતી અસરો.</td></tr>
<tr><td>POL1104</td><td>માહિતીનું વિશ્લેષણ અને મૂલ્યાંકન કરે છે. દા.ત. કેન્દ્ર અને રાજ્ય સરકારનાં કાર્યો અને તેની નાગરિકોના જીવન પર અસર. ભાવ વધારો, મોંઘવારી જેવી બાબતો.</td></tr>
<tr><td>POL1105</td><td>માહિતી, ચિત્રો, લખાણો વગેરેનું અર્થઘટન કરે છે. દા.ત. વિકાસ, સમાજવાદ, બિનસાંપ્રદાયિકતા, કોમવાદ, એકાત્મમાનવવાદ, સામાજિક ન્યાય વગેરે.</td></tr>
<tr><td>POL1106</td><td>ધારણાઓ, માન્યતાઓ, પૂર્વગ્રહો, રૂઢીચુસ્તતા વગેરેને ઓળખી શકે. દા.ત. જુદા જુદા પક્ષો તથા સંગઠનોમાં અધિકારો અને ફરજો અંગેના મહત્ત્વની સમજ જુદી જુદી જોવા મળે છે.</td></tr>
<tr><td>POL1107</td><td>એકત્ર કરેલી માહિતીના આધારે નવા વિચારો અને જ્ઞાન પ્રાપ્ત કરી શકે. દા.ત. તરીકે ન્યાયતંત્રની સ્વતંત્રતાનું મહત્ત્વ તથા તેના પર થતી અસરો.</td></tr>
<tr><td>POL1108</td><td>નકશા સંબંધી કૌશલ્યો દર્શાવી શકે છે.</td></tr>
<tr><td>POL1109</td><td>પ્રશ્નો પૂછવાનો જુસ્સો અને જિજ્ઞાસા કેળવે છે. જેમ કે, આપેલા મુદ્દાઓ પર રાજકીય પક્ષોના જુદા જુદા મત અંગે ચર્ચા કરી શકે છે.</td></tr>
<tr><td>POL1110</td><td>સમાજશાસ્ત્રની વિદ્યાશાખા વચ્ચેના તથા અન્ય વિદ્યાશાખાઓ સાથેના આંતરસંબંધો દર્શાવી શકે છે. દા.ત. : બંધારણની કોઈ કલમ સમાજ, રાજનીતિ તથા અર્થતંત્રને એક જ સમયે કેવી અસર કરી શકે છે.</td></tr>
</table>

| સૂચિત શિક્ષણશાસ્ત્રીય પ્રક્રિયા | | અધ્યયન નિષ્પત્તિ (Learning Outcomes) |
|---|---|---|
| • વિદ્યાર્થીઓ ભારતમાં ન્યાયતંત્ર તથા કારોબારીની સ્થિતિ વચ્ચે તુલના કરી શકે અને તેની સમજ આપી શકાય.<br>• ભારતનો નકશો તથા રાજ્યોના નકશા દ્વારા જુદા જુદા રાજ્યોનું રાષ્ટ્રીય અર્થતંત્ર તથા સંરક્ષણ સંદર્ભે કેટલું મહત્ત્વ છે તે સમજાવી શકાય.<br>• વિદ્યાર્થીઓ પાઠ્યપુસ્તકોમાં આપેલાં ચાર્ટ્સ તથા કોષ્ટકોની વિગતો અને તે હારા મળતા સંદેશા અંગે ચર્ચા કરી શકે.<br>• શિક્ષકો આમુખ કે બંધારણની કેટલીક મહત્ત્વપૂર્ણ કલમોનું ધ્યાનપૂર્વક વાંચન કરીને તેના અર્થ અને મહત્ત્વ સમજાવી શકે.<br>• વિદ્યાર્થીઓ રાષ્ટ્રીય નેતાઓ કે રાજકીય પક્ષો દ્વારા અપાતાં જુદાં જુદાં નિવેદનોનો અભ્યાસ કરીને જે તે મુદ્દા અંગેનો તેમનો મત કે પૂર્વગ્રહ વિશે જાણી શકે છે.<br>• વિદ્યાર્થીઓને બે રાજ્યો કે કેન્દ્ર અને કોઈ રાજ્ય વચ્ચેના વિવાદના મુદ્દા અંગે નિબંધ લખવાનું કહી શકાય અથવા તો સ્થાનિક સરકારની કોઈ સમસ્યા અંગે નિબંધ લખાવી શકાય.<br>• વિદ્યાર્થીઓ દ્વારા લખાયેલા નિબંધોને કે વિદ્યાર્થીઓ અરસ-પરસ વાંચી શકે તથા વર્ગખંડના બીજા વિદ્યાર્થીઓ તે અંગે સવાલો ઉઠાવે કે તેમાં રહેલી ભૂલો તરફ ધ્યાન દોરી શકે અને પછી શિક્ષક વિદ્યાર્થીઓ તેના જવાબો આપે કે પછી સુધારા કરવાનું જણાવે.<br>• શિક્ષક લોકશાહીના ફાયદાઓ તથા પડકારો અંગે વર્ગખંડમાં ચર્ચા યોજી શકે. જુદા જુદા વિદ્યાર્થીઓ પોતપોતાનાં નિરીક્ષણોના આધારે સારાં-નબળાં પાસાં અંગે દલીલો રજૂ કરી શકે. | POL1111<br><br>POL1112 | સાથીઓ પ્રત્યે સહાનુભૂતિ, પ્રશંસાભાવ, સંવેદનશીલતા દાખવે Au.<br><br>મૂલ્યોને પારખી શકે તથા પોતાનામાં ઉતારી શકે સમસ્યા ઉકેલવાનું કૌશલ્ય વિકસાવી શકે છે. |

# ધોરણ-11 : રાજ્યશાસ્ત્ર

| સૂચિત શિક્ષણશાસ્ત્રીય પ્રક્રિયા | | અધ્યયન નિષ્પત્તિ (Learning Outcomes) |
|---|---|---|
| **વિદ્યાર્થીઓને વ્યક્તિગત રીતે કે સમૂહમાં તક આપી શકાય અને તેમને પ્રોત્સાહિત કરી શકાય કે, તેઓ...** | | **વિદ્યાર્થીઓ :** |
| | POL1201 | હકીકતો, આંકડાઓને ઓળખે અને યાદ રાખતા થાય છે. |
| ● શિક્ષકો રાજકીય નકશાની મદદથી વિદ્યાર્થીઓને વિશ્વ, તેના જુદા જુદા ખંડો તથા આપણા દેશથી પરિચિત કરાવે છે તથા ભૌગોલિક નકશાથી તે કઈ રીતે જુદો છે તેની સમજ આપે છે. | POL1202 | નકશા સંબંધી કૌશલ્યો દર્શાવી શકે છે. દા.ત : વિશ્વના નકશાથી પરિચિત થાય છે. |
| | POL1203 | માહિતી, રેખાંકનો, આલેખો, લખાણો વગેરેના અર્થ તારવી શકે છે. દા.ત. : જુદા જુદા રાજકીય પક્ષો દ્વારા જીતેલી બેઠકોની સંખ્યા જાણી શકે છે. જુદા જુદા રાજકીય પક્ષોનાં ચિન્હોથી પરિચિત થાય છે. |
| ● વિદ્યાર્થીઓને જુદાં જુદાં રાજ્યોનાં સ્થાન, કદ, વસતી, મુખ્ય ભાષા, કુદરતી સંસાધનો, જાણીતા નેતાઓ, તેમનું રાજકીય માળખું અને પાડોશી દેશો વગેરેની વિગતો પૂરી પાડે છે જેથી તેઓ વિશ્વ રાજકારણના સંબંધિત મહત્ત્વ અને ભૂમિકાને સમજી શકે. | POL1204 | વર્ગીકરણ, વિરોધાભાસી બાબતો શોધી કાઢી તેની તુલના કરે છે. |
| | POL1205 | કારણ અને અસરના સહસંબંધને સમજી શકે. |
| ● વિદ્યાર્થીઓને આ જ રીતે દેશનાં જુદા જુદા રાજ્યોના સ્થાન, કદ, ભાષા અને અન્ય સામાજિક અને રાજકીય વિશેષતાઓ અંગેની વિગતો શોધવાનું કહે છે. | POL1206 | માહિતીનું વિશ્લેષણ અને મૂલ્યાંકન કરતા થાય છે. દા.ત.: માહિતીના વિશ્લેષણ દ્વારા તેઓ વર્તમાન વિશ્વ કે રાષ્ટ્રીય સ્તરના રાજકારણમાં કોઈ દેશ કે રાજ્યની ભૂમિકાની છણાવટ કરે છે. |
| ● શિક્ષકો વિદ્યાર્થીઓ સાથે પાઠ્યપુસ્તકમાં આપેલા રાજકીય પક્ષો અંગેના કોઠા તથા ચિત્રો પરથી તેના દ્વારા તેઓ શું સંદેશ આપી રહ્યા છે તે અંગે ચર્ચા કરવી. | POL1207 | સામાજિક વિજ્ઞાનોના વિષયો વચ્ચેના તથા તેના અન્ય વિદ્યાશાખાઓ વચ્ચેના આંતરસંબંધો દર્શાવી શકે છે. દા.ત. કોઈ મુદ્દો સમાજ, રાજનીતિ તથા અર્થતંત્રને એક જ સમયે કેવી અસર કરી શકે છે. |
| ● શિક્ષકો શીત યુદ્ધ (ઠંડુ યુદ્ધ) અંગે સમજાવી તે સામાન્ય યુદ્ધ કરતાં કઈ રીતે જુદું પડે છે તે જણાવવા કહેશે. તફાવત તથા તેની જુદી જુદી અસરોની ચર્ચા કરશે. | POL1208 | પ્રશ્નો પૂછવાનો જુસ્સો અને જિજ્ઞાસા અભિવ્યક્ત કરી શકે છે. દા.ત. ભારતીય અર્થતંત્ર તથા રાજકીય વિકાસની વૈશ્વિકીકરણ સાથેની કડી જોડી શકે છે. |
| ● સોવિયત સંઘના વિઘટનની અસરો અંગે વિદ્યાર્થીઓને સમજાવી વિશ્વના જુદા જુદા ક્ષેત્રો નવા ઊભા થયેલા મુદ્દાઓ અને અથડામણો અંગે જણાવશે. છેલ્લા કેટલાક દાયકામાં ઉદ્ભવેલ હિંસક આતંકવાદનાં કારણો અને અસરોના સહસંબંધોની ચર્ચા કરશે. | POL1209 | ધારણાઓ, મતાગ્રહો, પૂર્વાગ્રહો, વૈશ્વિકીકરણ, રૂઢીચુસ્તતા વગેરેને ઓળખી શકે છે. દા.ત. પાઠ્યપુસ્તકો કે દૈનિક અખબારોમાં આવતાં કાર્ટૂન અને ન્યૂઝની કટીંગ જુએ અથવા ચકાશે કે અખબારો કે ન્યૂઝ ચેનલો રાજ્ય કે રાષ્ટ્રના સત્તાધારી પક્ષના ટેકેદાર છે કે ટીકાદાર છે. |
| ● શિક્ષકો ભારતીય રાજકીય માળખામાં એક પક્ષના પ્રભુત્વના ઉદાહરણો સમજાવી વિદ્યાર્થીઓને આવાં ઉદાહરણોની તુલના કરવા પ્રોત્સાહિત કરશે. | POL1210 | એકત્ર કરેલી કે આપવામાં આવેલી માહિતીના આધારે નવા વિચારો અને જ્ઞાનનું સર્જન કરી શકે છે. |
| | POL1211 | ઘટનાઓ, બનાવો કે પરિસ્થિતિઓને વ્યાપક સ્તરે લઈ જાય છે. |

| સૂચિત શિક્ષણશાસ્ત્રીય પ્રક્રિયા | | અધ્યયન નિષ્પત્તિ (Learning Outcomes) |
|---|---|---|
| ● વિદ્યાર્થીઓને વર્તમાન વિશ્વમાં સલામતીના મુદ્દાઓથી પરિચિત કરાવી શિક્ષકો તેમને આની અમુક દેશો કે સમગ્ર વિશ્વમાં શું અસરો થઈ છે તે સમજવામાં મદદ કરશે. | POL1212 | વંચિતો પ્રત્યે સહાનભૂતિ, પ્રશંસાભાવ, સંવેદનશીલતા દર્શાવે છે. દા.ત. : તેમની આસપાસના ઓછી સગવડો તથા સંજોગો ધરાવતા લોકોના જીવનનું મૂલ્યાંકન કરે છે. |
| ● શિક્ષક જુદા જુદા પ્રદેશોની વિશેષ સ્થિતિને ધ્યાનમાં લઈને દેશના વિકાસના મુદ્દાઓની છણાવટ કરશે.<br>● શિક્ષકો વૈશ્વિકીકરણના પરિબળો તથા તેનો જુદા જુદા દેશો પર અને આપણા દેશમાં કેવી અસર થઈ છે તે સમજાવશે. વૈશ્વિકીકરણના હકારાત્મક અને નકારાત્મક પાસાની પણ છણાવટ કરશે.<br>● વિદ્યાર્થીઓને એવી વૈશ્વિક ઘટનાઓની નોંધ તૈયાર કરવાનું કહી જેમાં અમેરિકાની મહત્ત્વપૂર્ણ ભૂમિકા રહી હોય. પાઠ્યપુસ્તક ઉપરાંત અખબારો તથા ટીવી ન્યૂઝ પરથી પણ આ અંગે માહિતી એકત્રિત કરશે.<br>● શિક્ષક વિદ્યાર્થીઓને રાષ્ટ્રીય સલામતી અંગેના પડકારો અંગે નિબંધ લખવાનું કહેશે. દરેક વિદ્યાર્થી પોતે લખેલો નિબંધ વાંચે અને વિદ્યાર્થીઓ તેમને સવાલો પૂછે અને જ્યાં શંકા જણાય ત્યાં તેની સ્પષ્ટતા માંગે. લેખક વિદ્યાર્થી તેના જવાબો આપી શકે અથવા તો પોતાના લખાણમાં જરૂરી સુધારો કરશે.<br>● વિદ્યાર્થીઓને રાષ્ટ્રીય સ્તરના રાજકીય પક્ષોની વિશેષતાઓ, એજન્ડા તથા તેમના નેતાઓના યોગદાન અંગે આલેખ તૈયાર કરાવશે.<br>● દેશના સમસ્યાગ્રસ્ત વિસ્તારોની સ્થિતિ અથવા તો કુદરતી આફતોથી અસરગ્રસ્ત વિસ્તારો અંગે જણાવવા કહી શકે.<br>● એ જ રીતે વિદ્યાર્થીઓ પોતાના પ્રદેશમાં વ્યાપ્ત રાષ્ટ્રીય સમસ્યાઓ જેવી કે સંઘર્ષો, તીવ્ર ગરીબી વગેરેને ઓળખી શકે તે માટે પ્રોત્સાહિત કરશે. તેઓ પોતાના પાઠ્યપુસ્તકમાં આપેલાં પ્રકરણો અનુસારનાં સ્થાનિક ઉદાહરણો અને બનાવોનું નિરીક્ષણ કરશે. | POL1213 | મૂલ્યોને પારખી શકે તથા પોતાનામાં ઉતારી શકે, સમસ્યા ઉકેલ કૌશલ્ય વિકસી શકે છે. દા.ત. પ્રક્રિયામાં રહેલી મુશ્કેલીઓને સમજી શકે છે. |

| સૂચિત શિક્ષણશાસ્ત્રીય પ્રક્રિયા | | અધ્યયન નિષ્પત્તિ (Learning Outcomes) |
|---|---|---|
| • સંયુક્ત રાષ્ટ્ર તથા જુદી જુદી સંસ્થાઓ દ્વારા વિશ્વના, ખાસ કરીને એશિયાના અશાંતિગ્રસ્ત વિસ્તારોમાં શાંતિ સ્થાપના માટેના પ્રયાસોની યાદી તૈયાર કરાવવી.<br>• વિદ્યાર્થીઓને તેમની આસપાસના વિસ્તારોમાં ઊભી થયેલી પર્યાવરણીય સમસ્યાઓની યાદી બનાવવા કહેવું. અન્ય સ્થળો, રાજ્યો કે રાષ્ટ્રોમાં જ્યાં પણ આવી સ્થિતિ હોય તેની સાથે સરખામણી કરવામાં શિક્ષક મદદરૂપ થઈ શકે. | | |

# ધોરણ -12 : રાજ્યશાસ્ત્ર
# વિશેષ જરૂરિયાત ધરાવતા બાળકો માટે
# (Children with Special Needs - CWSN)

**ઉચ્ચતર માધ્યમિક સ્તરે સામાજિક વિજ્ઞાનની વિવિધ શાખાઓમાં અભ્યાસ કરતા CWSN/દિવ્યાંગ બાળકોને જે તે વિષયને વધુ સારી રીતે સમજવા માટે વિશેષ પ્રકારની અભ્યાસ સામગ્રીની જરૂરી રહે છે.**

- સામાજિક વિજ્ઞાનમાં અધ્યયન નિષ્પતિ પ્રાપ્ત કરવા માટે કેટલાક વિદ્યાર્થીઓને પાઠ્યપુસ્તકના લખાણને સમજવા માટે તૈયાર કરેલા ઓડિયો લેક્ચર, બોલતાં પુસ્તકો/Ditital accessible information system-DAISY પુસ્તકોની જરૂર પડે છે. પોતાનાં વિચારોને લખીને પ્રસ્તુત કરવા માટે તેમને વૈકલ્પિક સંદેશા પદ્ધતિ જેમ કે, આઈસીટી અથવા ઓડીયો (શ્રાવ્ય સામગ્રી) જરૂર પડે છે. સામગ્રી અને પ્રવૃત્તિઓ સાથે અનુકૂલન, દશ્ય સામગ્રીને સમજવા માટે શૈક્ષણિક મદદ અથવા વિવિધ ભૌગોલિક વિભાવનાઓ અને લાક્ષણિકતાઓને સમજવા માટે, પર્યાવરણના અભ્યાસક્રમને સમજવા માટે પણ વિશેષ મદદની જરૂર પડે છે.
- પ્રોજેક્ટ અને એસાઈનમેન્ટ વગેર પ્રવૃત્તિઓ સમૂહમાં કરવાથી વિશેષ જરૂરિયાતો ધરાવતા બાળકો બીજા વિદ્યાર્થી સાથે સહકારમાં કામ કરે છે અને વર્ગખંડની તમામ પ્રવૃત્તિઓમાં સક્રિય રીતે ભાગ લે છે.
- વિશેષ જરૂરિયાતો ધરાવતા બાળકો માટે, વિવિધ સ્રોત જેવા કે સ્પર્શથી પારખી શકાય તેવી આકૃતિઓ/નકશા (Emboss) બોલતાં પુસ્તકો, દશ્ય-શ્રાવ્ય સામગ્રી, બ્રેઈલ લીપીમાં પુસ્તકો વગેરેનો ઉપયોગ કરી શકાય.
- પાઠ્યપુસ્તકમાં જે અધ્યાપન પ્રક્રિયા અને અધ્યયન નિષ્પત્તિ વિશે માહિતી આપવામાં આવી છે તે વ્યાપક સ્વરૂપમાં નથી. આથી, શિક્ષકો પાસે અપેક્ષા રાખવામાં આવે છે કે તેઓ તેમનાં વિદ્યાર્થીઓની અધ્યન નિષ્પતિમાં સતત સુધારો કરવા માટે વિદ્યાર્થીઓને અનુકૂળ હોય એવી મૂલ્યાંકન આધારિત નવી અધ્યાપન પ્રક્રિયા તૈયાર કરે અને તે અનુસાર આગળ વધે.

**દૃષ્ટિહીન બાળકો માટે...**

- ઓડિયો સામગ્રી કે જેમાં ભૌગોલિક સિદ્ધાંતો અને વિભાવના હોય, ઉ.દા. તરીકે અક્ષાંશ, રેખાંશ, દિશાઓ વગેરે. બીજા વિષયો માટે પણ આ પ્રક્રિયાઓનું અનુસરણ કરવામાં આવે.
- ગ્રાફિક અને દશ્યનું વર્ણન કરતી સામગ્રી જેમ કે, નકશાનું વાંચન, આલેખ, આકૃતિઓ, ચિત્રો, શિલાલેખો, સંજ્ઞાઓ અને સ્મારક સ્થાપત્ય વગેરે.
- પર્યાવરણ અને અંતરિક્ષના નિરીક્ષણો સમજાવવા, જેમ કે જમીન, જળવાયુ, વનસ્પતિ અને વન્યજીવન, સંસાધનો અને સેવાઓનું વિતરણ.
- સંદર્ભ સાહિત્ય જેમ કે, સ્પેલિંગની યાદી, પ્રશ્નાવલી, મહત્વનાં સંદર્ભો અને બીજી સામગ્રી જેનો વિદ્યાર્થી સંદર્ભ તરીકે ઉપયોગ કરી શકે, મોટા સ્વરૂપમાં, સ્પર્શથી પારખી શકે તેવા અથવા ઉપસાવેલા પૂરી પાડી શકાય, જેથી તેને યોગ્ય પ્રમાણમાં ઉપસાવી ફરીથી ચિત્રિત કરી શકે. (Emboss)

**શ્રવણશક્તિ ક્ષીણ હોય અથવા ઓછી હોય તેવા બાળકો માટે...**

- પારિભાષિક શબ્દો/સૂત્રો/સંજ્ઞાઓની સમજ, અમૂર્ત વિભાવનાઓ, તથ્યો, તુલના, કારણો, અસર, સંબંધો અને ઘટનાક્રમ વગેરેની સમજ પૂરી પાડવી.
- વિષયવસ્તુ સમૃદ્ધ પુસ્તકો વાંચવા (પાઠયપુસ્તકો/સંદર્ભ સાહિત્ય) ખાસ કરીને ઈતિહાસ અને નાગરિકશાસ્ત્ર સંબંધિત.
- લખાણ આધારિત સૂચનો/અનુમાન કરવા.

**જ્ઞાનાત્મક બૌદ્ધિક અક્ષમતા ધરાવતા બાળકો માટે...**

- લેખિત કાર્ય, ચિત્રો, ચાર્ટ, આલેખ અને નકશાઓનું મૂલ્યાંકન કરવું. (ખાસ કરીને જ્ઞાનાત્મક ક્ષતિ ધરાવતા હોય તેવા બાળકો માટે દશ્ય અવકાશી કુશળતા/દશ્ય પ્રક્રિયા/સમજશક્તિપૂર્ણ પ્રક્રિયા અપનાવવી)

- વિશાળ માહિતીમાંથી ઉપયોગી માહિતીનો સાર રજૂ કરવો. જે વિદ્યાર્થીઓને વાંચવાની અક્ષમતા હોય તેમના માટે માહિતીસભર વાંચનસામગ્રી જેમકે, ઈતિહાસ, એક પડકાર હોય છે.
- ઘટનાઓનો ક્રમ યાદ રાખવો અને તેને એકબીજા સાથે સંકળાવી.
- અમૂર્ત વિભાવનાઓને સમજવી અને અર્થઘટન કરવું.

પર્યાવરણ અને સમાજશાસ્ત્રના પાઠ્યપુસ્તકોની માહિતીનું સામાન્યીકરણ કરવું અને સંદર્ભો જોડવા.